ADVANCE BANKING VII

UNIT 1

ભારતમાં સહકારી બેન્કિંગ

1. ભારતમાં સહકારી પ્રવૃત્તિઓનો વિકાસ :

સમગ્ર દુનિયામાં આજે તો સહકારી પ્રવૃતિને આર્થિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રો સર કર્યા છે. દેશમાં કોઈ પણ પ્રકારનું રાજકીય માળખું હોય-લોકશાહી, સામ્યવાદી કે સરમુખત્યારશાહી-પણ સહકારી પ્રવૃત્તિ તેની સાથે સુસંગત રહી અદભુત પ્રગતિ સાધી શકી છે એ તેની આગવી વિશિષ્ટતા છે. સહકારી પ્રવૃત્તિ આજે એક વિશાળ વટવૃક્ષની માફક ફાલીફૂલીને તમામ ક્ષેત્રે વિસ્તરી ચૂકી છે. તેની શરૂઆત ઈ.સ. ૧૮૪૪માં ઇંગ્લેંડના એક નાના ઔદ્યોગિક શહેર રોશડેલમાંથી થઈ હતી. તે અગાઉ છેક ૧૭૭૯થી બ્રિટનમાં સહકારી પ્રવૃત્તિ શરૂ કરવા માટે અધકચરા પ્રયત્નો તો થયા જ કરતા હતા. અનાજના પ્રવર્તતા ઊંચા ભાવમાંથી રાહત મેળવવા માટે હલના રહેવાસીઓએ ‘હલ એન્ટી મિલ સોસાયટી’ શરૂ કરી હતી. ૧૮૨૧માં ધી કૉ-ઑપરેટીવ એન્ડ ઇકોનોમિકલ સોસાયટી’ પણ શરૂ કરવામાં આવી હતી. પણ સહકારી પ્રવૃત્તિની નોંધપાત્ર શરૂઆત તો રોશડેલના ૨૮ વણકરોએ ભેગા થઈને ‘સહકારી ગ્રાહક સ્ટોર’ શરૂ કર્યો ત્યારથી થઈ.

આના પરથી પ્રેરણા મેળવીને સહકારી શાખપ્રવૃત્તિ જર્મનીમાં વિસ્તરી સહકારી ગ્રાહક મંડળીનું ઉદ્દભવ સ્થાન બ્રિટન છે તો સહકારી ધિરાણ મંડળીનું જન્મસ્થાન જર્મની ગણાવી શકાય. ૧૯મી સદીના મધ્યભાગમાં જર્મનીના ખેડૂતોની પરિસ્થિતિ ખૂબ વિકટ હતી. આર્થિક રીતે તેમનું ભયંકર શોષણ થતું હતું. ખેડૂતોને મદદ કરવાના ઉદેશથી હેટ, ફેન્ઝ, શુલ્ઝ અને રેફેઝીને સહકારી ધોરણે ધિરાણ પૂરું પાડવાના પ્રયત્નો શરૂ કર્યા. આજે પણ જર્મનીમાં આર્થિક ધિરાણના ક્ષેત્રે સહકારી મંડળીઓનું સ્થાન મહત્ત્વનું છે.

ભારતમાં તો સહકારી પ્રવૃત્તિ એ પ્રાચીન સમયથી ચાલી આવતી જીવનપ્રણાલી છે. હિંદુ સંયુક્ત કુટુંબ એ સહકારની ભાવના પર રચાયેલી વ્યવસ્થા છે. ભારતમાં ખેડુતો દેશના જુદા જુદા ભાગમાં વસે છે. તેમને ખેતીના હેતુ માટે ટુંકા ગાળાના ધિરાણની જરૂર પડે છે. ખેડુતો ધિરાણ સામેના તારણ તરીકે જમીન આપે છે જે વ્યાપારી બેંકો સામાન્ય રીતે સ્વીકારતી નથી. આથી ખેતીવાડી માટે ધિરાણ આપવામાં વ્યાપારી બેંકો ખાસ ઉપયોગી નીવડી નથી. ખેતીવાડી માટે ધિરાણ આપવા માટે ખાસ પ્રકારની બેંકોની જરૂર છે. સહકારી બેંકો આ કામગીરી ખૂબ સારી રીતે બજાવી શકે છે. મર્યાદિત સાધનો વાળી વ્યક્તિ તેની થોડીક જમીન નો ઉત્પાદક હેતુ માટે ઉપયોગ કરી શકે તે માટે સહકારી બેંકો બેંકિંગની સગવડ પૂરી પાડે છે. ભૂતકાળમાં ભારતમાં સહકારી સંસ્થાઓ સ્થાપવાના ઘણા પ્રયત્નો થયા હતા. મ્યુચ્યુઅલ એઈડ ફંડની યોજના કરવામાં આવી હતી. મદ્રાસમાં ૧૮૫૦માં શરૂ થયેલ 'નિધિ' એ સહકારી પ્રવૃત્તિનો જ એક ભાગ હતો. તેની કામગીરી લોન આપનારી સહકારી મંડળી જેવી જ હતી. સમય જતાં આ પ્રકારની નિધિ સંસ્થાઓની સ્થાપના ઉત્તર પ્રદેશ, બંગાળ અને પંજાબમાં

પણ થઇ હતી. આને પરિણામે ૧૯૦૧માં દેશમાં લગભગ ૨૦૦ જેટલા 'નિધિ' હતા જેનું મૂડીભંડોળ લગભગ રૂ. ૨ કરોડ જેટલું હતું અને સભ્યસંખ્યા ૩૬,૦૦૦ જેટલી હતી. એ જ રીતે ૧૮૯૧માં પંજાબના હોશિયારપુર જિલ્લાના પનજવાર નામના ગામમાં એક સહકારી મંડળી સ્થપાયાની નોંધ મળે છે.

લોર્ડ કર્ઝનના વાઈસરોય પદના સમય દરમિયાન સરકારી રાહે સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપવાના અનેક પ્રયાસ થયા હતા. વળી, આ જ સમયે નિકલસન અને ડૂપરનેક્સ નામના અંગ્રેજ અધિકારીઓએ આ પ્રશ્નમાં ખૂબ ઊંડો રસ લઈ સહકારી મંડળીઓની સ્થાપના માટે કેટલીક વિશિષ્ટ ભલામણો કરી હતી. ૧૮૯૨માં મદ્રાસ સરકારે નીમેલા નિકલસન પંચે ભૂમિ બેંકોને બદલે સહકારી મંડળીઓ વધારે ઉપયોગી નીવડશે એવો અહેવાલ આપ્યો હતો. એ જ રીતે સર એડવર્ડ લોના અધ્યક્ષપદે સને ૧૯૦૪માં નિમાયેલી તપાસ સમિતિએ પણ જર્મનીની 'રેફેઝીન' પ્રકારની સહકારી મંડળીઓ સ્થાપવાની ભલામણ કરી હતી. ૧૯૦૪માં સહકારી ધિરાણ મંડળીનો કાયદો (Co- operative Credit Societies Act) પસાર થયો. ૧૯૦૪નો કાયદો પસાર થયા પછી કેટલીક નાની પ્રાથમિક ધિરાણ મંડળીઓ દેશના જુદા જુદા ભાગમાં સ્થપાઈ હતી પણ આ મંડળીઓ એમના સભ્યોની ધિરાણ માટેની જરૂરિયાત સંતોષી શકે એટલાં સાધનો એકત્રિત કરી શકી નહીં. પ્રાથમિક ધિરાણ મંડળી સિવાય અન્ય કોઈ પ્રકારની મંડળી સ્થાપવા માટેની કોઈ જોગવાઈ આ કાયદામાં ન હતી. આ ખામીઓ દૂર કરવા માટે ૧૯૧૨માં નવો કાયદો "સહકારી મંડળીઓનો કાયદો' પસાર કરવામાં આવ્યો. આ સુધારેલા કાયદામાં મધ્યસ્થ સહકારી બેંક (Central Co-Operative Bank) સ્થાપવાની જોગવાઈ હતી. પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓ ભેગી થઈને મધ્યસ્થ સહકારી બેંકની રચના કરતી હતી. ૧૯૧૨ પછી મધ્યસ્થ સહકારી બેંકની સ્થાપના થવાને કારણે પ્રાથમિક ધિરાણ મંડળીઓનો ઝડપી વિકાસ થયો. આથી આ બેંકોની પ્રવૃત્તિનું ઉચિત સંકલન કરવા માટે, તેમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા માટે તેમજ તેમના પર જરૂરી નિયંત્રણ મૂકવા માટે રાજ્યકક્ષાએ એક ટોચની સંસ્થાની આવશ્યકતા જણાઈ હતી. દેશમાં સહકારી પ્રવૃત્તિના વિકાસનો અભ્યાસ કરવા માટે ભારત સરકારે સર એડવર્ડ મેકલેગન ના અધ્યક્ષપદ હેઠળ સને ૧૯૧૪માં એક કમિટિ નીમી હતી. આ કમિટિએ ૧૯૧૫માં એનો રિપોર્ટ સુપ્રત કર્યો હતો જેમાં અનેક ભલામણો કરવામાં આવી હતી આમાની એક ભલામણ સહકારી ક્ષેત્રમાં ટોચની બેંક તરીકે કામ કરવા માટે દરેક રાજ્યમાં એક રાજ્ય સહકારી બેંક સ્થાપવા અંગેની હતી.

ભારતમાં સહકારી બેંકોનું હાલનું માળખું-વ્યવસ્થા તંત્ર આ કમિટિના રિપોર્ટ પરજ આધારિત છે. ૧૯૧૯માં મોન્ટેગ્યુ-ચેમ્સફોર્ડ ધારા (Montague Chelmsford Act) હેઠળ સહકારનો પ્રાંતના કાર્યક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવ્યો. ત્યાર બાદ દરેક રાજ્યમાં સહકારી મંડળીઓના પોતપોતાના અલગ કાયદા તૈયાર કરવામાં આવ્યા છે.

2. ભારતમાં સહકારી બેંકિંગનું માળખું – ત્રિસ્તરીય માળખું :

દરેક સહકારી બેંકે એના કાર્યક્ષેત્રવાળા રાજ્યના સહકારી કાયદા હેઠળ નોંધણી કરાવવાની હોય છે. જો સહકારી બેંકનું કાર્યક્ષેત્ર એક કરતા વધારે રાજ્યમાં હોય તો Multi-Unit Co-operative Societies Act હેઠળ નોંધણી કરાવવાની હોય છે. ભારતમાં સહકારી બેંકિંગ પ્રવૃત્તિનું માળખું પિરામીડના આકારનું ત્રિસ્તરીય છે.



રાજ્યકક્ષાએ ટોચ પર રાજ્ય સહકારી બેંક (State Co-operative Bank) છે જે રાજ્યની તમામ સહકારી બેંકો પર અંકુશ ધરાવે છે. વચગાળાના સ્તરે મધ્યસ્થ અથવા જિલ્લા સહકારી બેંકો (District Co-operative Banks) હોય છે. સામાન્ય રીતે દરેક જિલ્લા માટે એક મધ્યસ્થ સહકારી બેંક હોય છે અને છેક છેલ્લે પાયામાં પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓ હોય છે. આ ઉપરાંત જમીન વિકાસ બેંક અને નાગિરક સહકારી બેંકોએ પણ સહકારી બેંકિંગ માળખામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આમ ભારતના સહકારી બેંકિંગ માળખામાં નીચેની સંસ્થાઓ છે.

(૧) પ્રાથમિક સહકારી મંડળી
(૨) જીલ્લા સહકારી બેંક
(૩) રાજ્ય સહકારી બેંક
(૪) સહકારી જમીન વિકાસ બેંક
(૫) નાગરિક સહકારી બેંક

સહકારી બેંકિંગ પ્રથામાં પ્રવર્તમાન સમવાયતંત્રના સમર્થકો એમ જણાવે છે કે, પાપામાં નાની પ્રાથમિક સહકારી ધિરાણ મંડળી દ્વારા વહીવટ થતો હોવાથી વિકેન્દ્રીકરણના ફાયદા પણ મળી શકે છે. પાયાની મંડળીમાં સ્થાનિક નેતાગીરીને પૂરતી તક મળે છે. સાધનો ગતિશીલ બનાવવા માટે, બજારમાંથી ધિરાણ મેળવવા માટે, જરૂરી ધિરાણ કરવા માટે અને અસરકારક વસૂલાત માટે જે સ્તરની સંસ્થા જોઈએ તે સ્તર મધ્યસ્થ સહકારી બેંક અને રાજ્ય સહકારી બેંક પૂરું પાડે છે. આથી સહકારી પ્રવૃત્તિ કાર્યદક્ષ રીતે કામગીરી કરી શકે છે. જ્યારે આવા માળખાના વિરોધીઓ જણાવે છે કે, આમાં ઢીલ વધુ થાય છે અને ધિરાણ મોંઘું પડે છે.

(૧) પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓ (Primary Co-operative Credit Societies) :

સમગ્ર સહકારી માળખાના પાયામાં પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓ રહેલી છે અને તે અગત્યનું સ્થાન ધરાવે છે. સહકારી ધિરાણ મંડળીઓ સૌથી જૂની સહકારી સંસ્થાઓ છે. આ મંડળીઓ ખેડૂતો અને ગામની બીજી વ્યક્તિઓ સાથે સીધા સંપર્કમાં આવે છે. ભારતમાં સહકારી ધિરાણ મંડળીઓની સ્થપાનાનો આરંભ ૧૯૦૪ના કાયદા અનુસાર થયો હતો જેનો એક મુખ્ય હેતુ ખેડૂતોને વ્યાજબી દરે ધિરાણ પૂરું પાડીને તેમને ગામના શાહુકારની પકડમાંથી મુક્ત કરવાનો હતો.

એક જ વિસ્તારમાં-લત્તામાં રહેતી વ્યક્તિઓ જેઓ એકબીજાને સારી રીતે ઓળખતી હોય અને એકબીજાનાં કામોમાં રસ ધરાવતી હોય તેવી વ્યક્તિઓની મંડળી એટલે પ્રાથમિક ધિરાણ મંડળી, આવી મંડળીમાં સામાન્ય રીતે અમુક વિસ્તારમાં રહેતા લોકોને જ સભ્ય તરીકે દાખલ કરવામાં આવે છે. એમાં જ્ઞાતિ કે ધર્મનો કોઈ બાધ હોતો નથી. રહેઠાણના વિસ્તારનું જ મહત્ત્વ હોય છે. સભ્યો પૈકી કેટલાક ધિરાણ લેનારા સભ્યો હોય છે, જ્યારે બીજા કેટલાક ધિરાણ નહીં લેનારા સભ્યો હોય છે. જુદા જુદા સ્તરની વ્યક્તિઓ એક સામાન્ય સંસ્થાના નેજા હેઠળ ભેગી થાય છે જે સહકારની સાચી ભાવના છે. Each for all and all for eachના સિદ્ધાંતની સાચી ભાવના જોવા મળે છે. આવી મંડળીઓનું ભંડોળ સભ્યો પાસેથી એકત્રિત કરેલી શેર મૂડી તથા થાપણો અને મધ્યસ્થ સહકારી બેંક પાસેથી મેળવેલ ધિરાણનું બનેલું હોય છે.

- ✓ **સભ્યપદ** :

પુખ્ત વયની કોઇપણ વ્યક્તિ એમાં સભ્ય થઈ શકે છે. સગીર, અસ્થિર મગજની અથવા નાદાર જાહેર થયેલ વ્યક્તિ કે જેનું ચરિત્ર સારૂં ન હોય તેવી વ્યક્તિ તેનો સભ્ય બની શકે નહી.

આવી મંડળીના દરેક સભ્યે મંડળીની શેરમૂડીમાં ફાળો આપવાનો હોય છે. શેરની દાર્શનિક કિંમત બહુ મોટી રાખવામાં આવતી નથી જેથી સામાન્ય વ્યક્તિ પણ સભ્ય થઈ શકે. મંડળીનું કાર્યક્ષેત્ર અમુક ચોક્કસ ક્ષેત્ર પૂરતું જ મર્યાદિત રાખવામાં આવે છે જેથી મંડળીનો દરેક સભ્ય એકબીજાની પ્રવૃત્તિથી વાકેફ રહી શકે. સભ્યોની જવાબદારી અમર્યાદિત હોય છે. દરેક સભ્ય મંડળીની નુકસાની માટે જવાબદાર ગણાય. આથી સભ્યો પોતાના સાથી સભ્યો પસંદ કરવામાં, મંડળીના હોદેદારો નક્કી કરવામાં, ધિરાણ આપવામાં અને ધિરાણની વસૂલાતમાં ખાસ કાળજી દાખવે છે.

- ✓ **નોંધણી અને વહીવટ** :

૧૯૧૨ના સહકારી મંડળી અંગેના કાયદાની જોગવાઇ અનુસાર દરેક સહકારી મંડળીએ જે તે રાજય સરકારના કાયદા હેઠળ નોંધણી કરાવવાનું ફરજિયાત છે. સહકારી મંડળીના સભ્ય થવાની લાયકાત ધરાવતા મંડળીના વિસ્તારમાં રહેતા હોય તેવા જુદા જુદા કુટુંબના ઓછામાં ઓછા ૧૦ સભ્યોએ મંડળીની રચના કરી તેની નોંધણી કરાવવાની હોય છે.

પ્રાથમિક સહકારી મંડળીઓનું સંચાલન લોકશાહી ઢબે થાય છે. મંડળીના બધા જ સભ્યોની બનેલી સામાન્ય સભા સર્વોપરી સત્તા ધરાવે છે. આ સભા વ્યવસ્થાપક સમિતિ ચૂંટે છે. વ્યવસ્થાપક સમિતિના સભ્યો પોતાનામાંથી પ્રમુખ અને મંત્રીની ચૂંટણી કરે છે.

પ્રાથમિક મંડળીનો વહીવટ માનદમંત્રી અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોની મદદથી પ્રમુખ કરે છે. વ્યવસ્થાપક સમિતિ ધિરાણ માટે આવેલી અરજીનો નિકાલ કરવાનું, મંડળીના નાણાનું રોકાણ કરવાનું, ધિરાણ આપવા માટે તારણ નક્કી કરવાનું, કર્મચારીઓની નિમણૂક કરવાનું વગેરે કામ કરે છે. મંડળીના હિસાબો તૈયાર કરાવી તેનું ઑડિટ કરાવી વાર્ષિક અહેવાલ સામાન્ય સભામાં રજૂ કરવાનો હોય છે. કાયદા મુજબના જરૂરી પત્રકો તથા માહિતી સહકારી મંડળીના રજીસ્ટ્રારને મોકલવાના હોય છે.

વ્યવસ્થાપક સમિતિએ વાર્ષિક સામાન્ય સભા અને જરૂરિયાતના સમયે અસાધારણ સામાન્ય સભા પણ બોલાવવાની હોય છે. દાખલ ફી, મંડળીનું મૂડી ભંડોળ, ધિરાણ, શેરમૂડી તથા સભ્યો અને બિનસભ્યો પાસેથી મેળવેલી થાપણ દ્વારા મંડળી પોતાનું ભંડોળ એકઠું કરે છે. મધ્યસ્થ અને રાજ્ય સહકારી બેંક પાસેથી પણ જરૂર પડે નાણાં મળે છે. પોતાના સભ્યોને વ્યક્તિગત જવાબદારી પર અથવા બીજા એક કે બે સભ્યોની જામીનગીરી પર ધિરાણ આપવામાં આવે છે. ગામડાંના ખેડૂતોને અને અન્ય વ્યક્તિઓને ખાનગી શાહુકાર પાસેથી લીધેલું ધિરાણ ખૂબ મોંઘું પડે છે, જ્યારે આવી મંડળીઓનું ધિરાણ તેની સરખામણીમાં સસ્તું પડે છે. મંડળી તરફથી સભ્યોને ઢોર ઢાંખર, પશુ દાણ, ખાતર, જંતુનાશક દવા તથા ખેતી માટેના સાધનો વગેરે ખરીદવા માટે ધિરાણ આપવામાં આવે છે.

- ✓ **મર્યાદાઓ** :

પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓની કામગીરીની સમીક્ષા કરતાં પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીની નીચે મુજબની મર્યાદાઓ માલમ પડે છે :

(૧) મંડળીઓ તરફથી આપવામાં આવતા ધિરાણનો બહુ ઓછો હિસ્સો નાના તથા સીમાન્ત ખેડુતોને કાર્ય કર્યો છે.

(૨) મોટા ભાગની મંડળીઓની નાણાંકીય સ્થિતિ પ્રમાણમાં ઘણી નબળી હોય છે.

(૩) વસુલાતની બાકી નીકળતી રકમ ઘણી મોટી હોય છે અને તેમાં સતત વધારો થતો જાય છે.

(૪) મંડળીઓના કાર્યક્ષમ વહીવટ માટે તાલીમ પામેલા, કેળવાયેલા અને અનુભવી કર્મચારીઓની પણ ઘણી વખત અછત વર્તાય છે, વહિવટી તંત્ર બિનકાર્યક્ષમ માલમ પડે છે,

(૫) સભ્યોની નિરક્ષરતા અને અજ્ઞાનતાને કારણ તેઓ મંડળીના વહિવટમાં રસ લઇ શકતા નથી.

(૬) મંડળીના સંચાલનમાં જ્ઞાતિવાદ જોવા મળે છે અને રાજકીય પક્ષોનો હસ્તક્ષેપ તથા સ્થાપિત હિતોનું વર્ચસ્વ પણ માલમ પડે છે.

(૭) ખેડુતોમાં સહકારી ભાવના વિકસી ન હોવાથી તેઓ મંડળીની પ્રવૃત્તિ પ્રત્યે ઉદાસીન રહે છે. પોતાની બચત મંડળીમાં ધાપા તરીકે મુકવા તૈયાર થતા નથી આથી મંડળીને જરૂરી મૂડી ભંડોળ મળી રહેતું નથી.

(૮) મંડળી તરફથી ગેરવ્યાજબી ધિરાણના વ્યવહાર કરવામાં આવે છે અને ધિરાણ કર્યા પછી તેના ઉપયોગ પર દેખરેખ રાખવાની યોગ્ય વ્યવસ્થાનો અભાવ છે.

(૯) નૈતૃત્વનો અભાવ જોવા મળે છે.

(૧૦) રાજકીય પક્ષોનો હસ્તક્ષેપ થાય છે.

આટલી મર્યાદાઓ હોવા છતાં પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓ એ ભારતના સહકારી બેંકિંગ માળખામાં પાયાની સંસ્થા તરીકે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. માર્ચ ૨૦૦૬ના અંતે પ્રાથમિક સહકારી ધિરાણ મંડળી ની સંખ્યા ૧,૦૬,૩૮૪ જેટલી હતી જેના લગભગ (૧૩૫.૪૧ મિલીયન) ૧૩ કરોડ કરતા વધારે સભ્યો હતા.

(૨) જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (District Central Co-operative Banks} :°

જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક એ ટોચની રાજ્ય સહકારી બેંક તથા પાયાની પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓને જોડતી એક મહત્ત્વની કડી છે. ભારતમાં સહકારી ધિરાણ પ્રવૃત્તિની શરૂઆત ૧૯૦૪માં થઈ. કાયદામાં જોગવાઈ ન હોવા છતાં પોતાની સગવડ ખાતર પ્રાથમિક ધિરાણ મંડળીઓ એ મધ્યસ્થ સંસ્થાઓ સ્થાપી. પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓના તંદુરસ્ત વિકાસ માટે તેમજ તેમના કાર્યો ઉપર નિયમન મુકવા માટે તથા તેમને નાણાંકીય સગવડ પૂરી પાડવા માટે મધ્યસ્થ સહકારી બેંકની જરૂરિયાત લાગતી હતી. ૧૯૧૨ના સહકારી મંડળીના કાયદામાં જીલ્લા સહકારી બેંકની સ્થાપના અંગેની કાનૂની જોગવાઇ કરવામાં આવી.

આ બેંકની કાર્યક્ષમતા, આર્થિક પરિસ્થિતિ તથા વેપારી બેંકોની તેમની સાથેની હરિફાઈના સંદર્ભમાં રિઝર્વ બેંક તથા ગ્રામ ધિરાણ તપાસ સમિતિએ એક જીલ્લા માટે એક જ મધ્યસ્થ સહકારી બેંક હોવી જોઇએ એવી ભલામણ કરી હતી. જેનો સ્વીકાર કરવામાં આવ્યો અને આજે દરેક જીલ્લામાં એક મધ્યસ્થ સહકારી બેંક કામ કરે છે. માર્ચ ૨૦૦૬ના અંતે આવી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની સંખ્યા ૩૬૬ જેટલી હતી. આવી બેંકો બે પ્રકારની હોય છે.

(૧) શુદ્ધ પ્રકારની બેંકો (Pure Type of Banks):

આ પ્રકારની બેંકોમાં ફક્ત પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓને જ સભ્ય તરીકે દાખલ કરવામાં આવે છે.

(૨) મિશ્ર બેકો (Mixed Banks) :

આ પ્રકારની બેંકોમાં પ્રાથમિક સહકારી ધિરાણ મંડળી ઉપરાંત વ્યક્તિઓ ને પણ સભ્ય તરીકે દાખલ કરવામાં આવે છે. આપણા દેશમાં મોટા ભાગની મધ્યસ્થ સહકારી બેંકો મિશ્ર પ્રકારની છે.

જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો છેલ્લાં ૯૦ વર્ષથી સહકારી ધિરાણ પ્રવૃત્તિની જિલ્લા સપાટીની કે જિલ્લા કક્ષાની એક ખૂબ જ ઉપયોગી સંસ્થા તરીકે કામ કરે છે. ૧૯૫૪માં અખિલ ભારત ગ્રામધિરાણ તપાસ સમિતિના અહેવાલ પછી ગ્રામધિરાણ પ્રવૃત્તિએ જે નવો વળાંક લીધો તેમાં જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોનું મહત્ત્વ ખૂબ જ વધ્યું છે. દેશભરમાં ધિરાણનો આખો પ્રવાહ જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકો દ્વારા પ્રાથમિક ધિરાણ મંડળીઓ સુધી, એટલે કે, ખેડૂતોના ઘર-આંગણે જઇ પહોંચે છે. શરૂઆતમાં એવો ખ્યાલ હતો કે રેફીસન નમૂનાની પ્રાથમિક ધિરાણ મંડળીઓ ધિરાણ માટે જરૂરી નાણાં પોતે જ ઊભાં કરી શકશે. પરંતુ વાસ્તવમાં તેમ બની શક્યું નહિ, એટલે પ્રાથમિક ધિરાણ મંડળીઓને નાણાકીય સગવડ પૂરી પાડે એવી મધ્યસ્થ સંસ્થાની જરૂર જણાવા લાગી અને મધ્યસ્થ સહકારી બેંકોની શરૂઆત થઈ. પરંતુ કેટલાક વિસ્તારમાં અતિ ઉત્સાહમાં એક જિલ્લામાં એક કરતાં વધારે બેંકો સ્થપાઈ. ગ્રામધિરાણ તપાસ સમિતિએ જિલ્લાવાર એક જ મધ્યસ્થ સહકારી બેંક હોવી જોઈએ તેવી ભલામણ કરી હતી. આથી નબળી બેંકોનું જોડાણ કરી જિલ્લાદીઠ એક જ મધ્યસ્થ સહકારી બેંકની નીતિ સ્વીકારવામાં આવી.

✓ **જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં કાર્યો** :

જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો પ્રાથમિક ધિરાણ મંડળીઓ અને રાજ્ય સહકારી બેંકો વચ્ચેની કડી તરીકે કામ કરે છે; બન્નેનાં કાર્યોનું યોગ્ય સંકલન કરે છે, આ બેંકનાં મુખ્ય કાર્યો નીચે પ્રમાણે ગણાવી શકાય

(૧) આ બેંકો પ્રાથમિક મંડળીઓને ટૂંકા અને મધ્યમ ગાળાનું ધિરાણ પૂરું પાડે છે અને મંડળીઓ વચ્ચે નાણાકીય સંતુલન જળવાઈ રહે તે માટેના પ્રયાસો કરે છે.

(૨) ગ્રામ્ય વિસ્તારોમાંથી સ્થાનિક પાયા ઉપર થાપણો આકર્ષે છે. પ્રાથમિક મંડળીઓનાં નાણાં માટે સુરક્ષિત રોકાણની તક પૂરી પાડે છે.

(૩) જિલ્લાની અન્ય સહકારી સંસ્થાઓ માટે આ બેંક સમતુલન કેન્દ્ર તરીકેનું કાર્ય કરે છે. એટલે કે, જે સંસ્થાઓ પાસે જરૂરિયાત કરતાં વધારે રોકડ રકમ હોય તે આ બેંકમાં થાપણ તરીકે મૂકી તેની ઉપર વ્યાજ મેળવી શકે છે અને જે સંસ્થાઓને નાણાંની જરૂર હોય તેઓ આ બેંક પાસેથી વાજબી દરે ધિરાણ મેળવી શકે છે.

(૪) પ્રાથમિક મંડળીઓના કામકાજ ઉપર નિરીક્ષણ અને પર્યવેક્ષણનું કાર્ય પણ આ બેંકો કરે છે, મંડળીઓના સ્ટાફને જરૂરી સલાહસૂચન, માર્ગદર્શન, તાલીમ વગેરે પણ આપે છે.

(૫) પાક ધિરાણ યોજનાનો અમલ કરવા માટે આ બેંકોએ મુખ્ય ભૂમિકા ભજવીને નેતૃત્વ પૂરું પાડવાનું હોય છે.

(૬) જિલ્લા સ્તરે આવેલ સહકારી સંસ્થાઓના કાર્યક્ષમ વહીવટ માટે તાલીમ પામેલા કર્મચારીઓ પૂરા પાડવા માટે સહકારી શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા કરે છે.

(૭) ઉપરોક્ત કાર્યો કરવા ઉપરાંત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો બેંકિંગનું બધું જ કામકાજ કરે છે. દાખલા તરીકે, આ બેંકો થાપણો સ્વીકારે છે, વ્યાપારી બિલોનાં નાણાં વસૂલ કરે છે, ચેક, હૂંડી અને ડિવિડન્ડ વોરન્ટ વટાવે છે, ઓવરડ્રાફટ આપે છે તથા જામીનગીરીઓનું ખરીદ- વેચાણ કરે છે. પરંતુ આ બેંકોનું મુખ્ય કાર્ય પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓને ટૂંકા અને મધ્યમ ગાળાનું ધિરાણ પૂરું પાડવાનું છે અને તેમના ઉપર દેખરેખ રાખવાનું છે. આથી જ એમ કહેવાયું છે કે, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની સફળતાની પારાશીશી તેમના વિસ્તારમાં આવેલી પ્રાથમિક મંડળીઓ કેટલી વિકાસ પામી છે તથા કેટલી સહર અને સંગીન બની છે તેના પરથી અંકાય છે.

✓ **મધ્યસ્થ સહકારી બેંકનું સંચાલન (વ્યવસ્થા) :**

મધ્યસ્થ સહકારી બેંકોનું સંચાલન લોકશાહી ઢબે થાય છે. તમામ સભ્યોની બનેલી સામાન્ય સભા પાસે સર્વોપરી સત્તા હોય છે. સામાન્ય સભા વર્ષમાં એક વાર મળે છે. વાર્ષિક સામાન્ય સભામાં સંચાલક મંડળની ચૂંટણી, ગત વર્ષના હિસાબોને બહાલી આપવી, ઓડિટરની નિમણૂંક કરવી જેવા મહત્ત્વના કામ થાય છે, ખાસ સંજોગોમાં જરૂર પડેતો બધા સભ્યોની અસાધારણ સભા અથવા તાકીદની સભા બોલાવવાની પણ જોગવાઇ હોય છે. બૅંકનું સંચાલક મંડળ (Board of Directors) સામાન્ય રીતે ૯ થી ૧૧ સભ્યોનું બનેલું હોય છે. તેમાં દરેક પ્રકારની મંડળીઓ તથા વ્યક્તિગત સભ્યોનું પ્રતિનિધિત્વ હોય છે. સામાન્ય સભામાં નક્કી થયા મુજબની નીતિનો સંચાલક મંડળે અમલ કરવાનો હોય છે. જુદા જુદા કામ માટે સંચાલકમંડળના સભ્યોની પેટા સમિતિઓ નીમવામાં આવે છે.

બેંકના રોજબરોજના વહિવટ માટે પૂરા સમયના પગારદાર મેનેજરની નિમણૂંક કરવામાં આવે છે. સંચાલક મંડળની સૂચના અને આદેશ પ્રમાણે બેંકના રોજબરોજના કાર્યો મેનેજર કરે છે.

✓ **ભંડોળ :**

જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોનું ભંડોળ નીચે પ્રમાણેનું બનેલું હોય છે :

(૧) શેરમૂડી અને અનામત ભંડોળ: આને પોતીકા ભંડોળ (Own funds) તરીકે પણ ઓળખવામાં આવે છે.

(૨) થાપણો : પ્રાથમિક સહકારી મંડળીઓ, વ્યક્તિનો તથા અન્ય સ્થાનિક સંસ્થાઓની થાપણ સ્વીકારવામાં આવે છે. મધ્યસ્થ સહકારી બેંકોની થાપણોમાં પણ તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વધારો થયેલો જણાય છે. માર્ચ ૨૦૦૫ના અંતે કુલ થાપણો ૮૧,૦૧૩ કરોડ રૂપિયા જેટલી હતી.

(૩) રિઝર્વ બેંક અને રાજ્ય સહકારી બેંકો પાસેથી મેળવેલ ધિરાણ : મધ્યસ્થ સહકારી બેંકો રિઝર્વ બેંક અને રાજ્ય સહકારી બેંકો પાસેથી પણ ધિરાણ મેળવે છે. ૨૦૦૩-૦૪ના વર્ષમાં આ બેંકોએ રૂ. ૧૯,૬૩૯ કરોડ જેટલું ધિરાણ મેળવ્યું હતું.

✓ **મધ્યસ્થ સહકારી બેંકોની ધિરાણ પ્રવૃત્તિ** :

જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોનું મુખ્ય કાર્ય પ્રાથમિક ધિરાણ મંડળીઓ દ્વારા ખેડૂતોને ટૂંકા અને મધ્યમ ગાળાનું ધિરાણ પૂરું પાડવાનું છે. માર્ચ ૨૦૦૫ના અંતે આ બેંકોએ રૂ. ૫૫,૭૬૪ કરોડનું ધિરાણ પૂરું પાડ્યું હતું.

મધ્યસ્થ સહકારી બેંકોની મર્યાદા:

મધ્યસ્થ સહકારી બેંકોએ પ્રાથમિક ધિરાણ મંડળી દ્વારા ખેડૂતોને ટૂંકા અને મધ્યમ ગાળાની લોન આપવામાં સારી પ્રગતિ સાધી છે. છતાં તેની કેટલીક મર્યાદાઓ છે.

(૧) જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની એક મુખ્ય સમસ્યા તેમણે આપેલ ધિરાણની વસૂલાત અંગેની છે. મોટા ભાગની પ્રાથમિક સહકારી મંડળીઓ તરફથી ધિરાણની રકમ સમયસર ભરપાઈ થતી ન હોવાથી મધ્યસ્થ બેંકોને રાજ્ય સહકારી બેંકો પાસેથી ધિરાણ મેળવવા માટેની એક મોટી સમસ્યા ઊભી થાયછે. મધ્યસ્થ બેંકોએ આપેલી લોનની બાકી વસૂલાતની રકમ વર્ષો વર્ષ વધતી જ જાય છે. માર્ચ ૨૦૦૫ના અંતે લોનની બાકી વસૂલાતની રકમ રૂ. ૭૨,૭૯૭ કરોડ જેટલી હતી.

(૨) આ બેંકો તરફથી અપાતા ધિરાણનો લાભ નાના અને સીમાન્ત ખેડૂતોને હજુ પૂરતા પ્રમાણમાં મળ્યો નથી.

(૩) ભારતમાં મધ્યસ્થ સહકારી બેંકોનો વિકાસ ઘણો અસમાન રીતે થયેલો જણાય છે. વિકાસમાં પ્રાદેશિક અસમતુલા માલમ પડે છે. દાખલા તરીકે, ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ જેવાં રાજ્યોમાં આ બેંકોની પ્રવૃત્તિ પ્રમાણમાં વધુ વિકસેલી છે, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા જેવી રાજ્યોમાં તેનો મધ્યમસરનો વિકાસ થયેલો છે, જ્યારે પૂર્વના રાજ્યોમાં તો સહકારી બેંકોનો વિકાસ અને વહીવટ નબળો જણાયો છે.

(૪) સમગ્ર રીતે જોતાં મધ્યસ્થ સહકારી બેંકોની નાણાકીય સ્થિતિ પણ બહુ સંતોષકારક નથી. કેટલીક બેંકો નબળી બેંકો કે માંદી બેંકો તરીકે ગણાયછે. આ બેંકોનું પોતીકું ભંડોળ (Own Funds) જેમાં શેરમૂડી અને અનામત ભંડોળનો સમાવેશ થાય છે તે તેમની જવાબદારીઓ, એટલે કે થાપણો અને લોન કરતાં પ્રમાણમાં ઓછું છે. મધ્યસ્થ સહકારી બેંકોએ તેમનાં પોતાના સાધનો વધારવા માટેના સક્રિય પ્રયાસ હાથ ધરવા જોઇએ. એ જ રીતે આ બેંકોના માળખાને વધુ સુદૃઢ અને કાર્યક્ષમ બનાવવા માટે પણ ત્વરિત પગલાં આવશ્યકતા છે.

(3) રાજ્ય સહકારી બેંકો (State Co-operative Banks) :

સહકારી ધિરાણ પ્રવૃત્તિના માળખામાં રાજ્ય સહકારી બેંકો ટોચની સંસ્થા છે. પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓ ગ્રામ્યકક્ષાએ તથા મધ્યસ્થ સહકારી બેંકો જિલ્લાકક્ષાએ કાર્ય કરતી હોય છે, જ્યારે રાજ્ય સહકારી બેંકો આ સમવાયતંત્રની ટોચની સંસ્થા (Apex Institution) તરીકે કાર્ય કરે છે. સને ૧૯૦૪ના કાયદામાં પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓની સ્થાપના કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ મંડળીઓએ મધ્યસ્થ મંડળીઓની રચના કરી અને ૧૯૧૨ના કાયદામાં આ મધ્યસ્થ મંડળીઓને કાયદેસરનું સ્થાન મળ્યું. આ મધ્યસ્થ મંડળીઓને પાછળથી મધ્યસ્થ સહકારી બેંકો તરીકે ઓળખવામાં આવી. ૧૯૧૨ પછી મધ્યસ્થ સહકારી બેંકોનો વિકાસ ઝડપી બન્યો. આથી આ બેંકોની પ્રવૃત્તિઓનું ઉચિત કક્ષાએ સંકલન કરવા માટે તથા તેમના પર જરૂરી નિયંત્રણ મૂકવા માટે તેમજ તેમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા માટે રાજ્યકક્ષાએ એક ટોચની સંસ્થાની આવશ્યકતા જણાઈ હતી. ૧૯૧૪માં નિમાયેલી મેકલેગન સમિતિ એ દરેક રાજ્યમાં વહેલામાં વહેલી તકે એક રાજ્ય સહકારી બેંક સ્થાપવા માટેની ભલામણ કરી હતી. તે વખતના મુંબઈ અને મદ્રાસ (તામિલનાડુ) પ્રાંતોમાં આવી બેંકોની સ્થાપના કરવામાં પહેલ કરવામાં આવી હતી અને ત્યાર બાદ ક્રમશઃ બધાં જ પ્રાંતોમાં આવી ટોચની સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી. આજે દેશનાં બધાં જ રાજ્યોમાં રાજ્ય સહકારી બેંક કાર્ય કરે છે. માર્ચ ૨૦૦૫ના અંતે ભારતમાં કુલ ૩૧ જેટલી રાજ્ય સહકારી બેંકો હતી.

રાજ્ય સહકારી બેંકોનું સભ્યપદ : સભ્યપદની દૃષ્ટિએ રાજ્ય સહકારી બેંકના મુખ્ય બે પ્રકાર છે : પહેલા પ્રકારમાં માત્ર સહકારી સંસ્થાઓ જ તેની સભ્ય હોય છે, જ્યારે બીજા પ્રકારમાં સહકારી સંસ્થા ઉપરાંત વ્યક્તિ સભાસદો પણ હોય છે. સમાન્ય રીતે રાજ્ય સહકારી બેંક એક સમવાયી સંસ્થા છે અને તેથી તેનું સભ્યપદ મધ્યસ્થ સહકારી બેંકો તથા જિલ્લા સ્તરની બીજી સહકારી સંસ્થાઓ કે જેની સાથે તેનો વ્યવહાર હોય તેમના પૂરતું જ મર્યાદિત હોવું જોઇએ. પરંતુ કેટલાક વિશિષ્ટ સંજોગોમાં રાજ્ય સહકારી બેંકના કુશળ સંચાલન માટે નિષ્ણાત સંચાલકો મેળવી શકાય એ હેતુથી વ્યક્તિ સભાસદો રાખવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. અલબત્ત, આ વ્યક્તિ સભાસદો બેંકના સંચાલન અને વહીવટ પર પોતાનું વર્ચસ્વ જમાવી ન બેસે તે અંગેની ખાસ તકેદારી રાખવી જોઇએ. નાણાવટી સમિતિએ રાજ્ય સહકારી બેંકોના સંચલાક મંડળમાં વ્યક્તિગત સભાસદોના વધુ પડતા પ્રમાણ અંગે ચેતવણી ઉચ્ચારી હતી અને એ પ્રમાણ ઘટાડવાની ભલામણ કરી હતી. હાલમાં સામાન્ય વલણ એવું છે કે, વ્યક્તિ સભાસદોની સંખ્યા જેમ જેમ શક્ય બને તેમ તેમ ઘટાડવી.

- ✓ **રાજ્ય સહકારી બેંકોનાં કાર્યો** :

રાજ્ય સહકારી બેંકોનાં મુખ્ય કાર્યો નીચે પ્રમાણે છે ઃ

(૧) સહકારી પ્રવૃત્તિ અને દેશના નાણાંબજારને જોડનાર સાંકળ તરીકે કામ કરવું.

(૨) રાજ્યમાં આવેલી બધી જ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોનાં કાર્યનું નિયમન અને સંકલન કરવું તથા તેમના સર્વાંગી વિકાસ માટે યોગ્ય માર્ગદર્શન આપવું.

(૩) રાજ્યમાં કાર્ય કરતી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોના નાણાંકીય વ્યવહારનું સંતુલન કરવું.

(૪) થાપણી સ્વીકારવી; એક જિલ્લા મધ્યસ્થ બેંક પાસેનાં વધારાનાં નાણાં બીજી જિલ્લા મધ્યસ્થ બેંકને જરૂર હોય ત્યારે પહોંચાડવા માટેના કેન્દ્ર તરીકે કામ કરવું.

(૫) જલ્લા મધ્યસ્થ સહકારી બેંકોને નાણાંકીય હેરફેર તથા પુનઃવટાવ (Rediscounting) ની સગવડ કરી આપવી. તેમજ ક્લીઅરીંગ હાઉસની સેવા આપવી. આમ આ બેંકો માટે તેમના બેંકર તરીકે કામ કરવું.

(૬) રાજ્યમાં સહકારી શિક્ષણ અને તાલીમ અંગેની વ્યવસ્થા કરી રાજ્યમાં આવેલી સહકારી સંસ્થાઓને સહકારી શિક્ષણ અને તાલીમ પામેલા કર્મચારીઓ પૂરા પાડવા.

(૭) કેટલીક રાજ્ય સહકારી બેંકો વ્યાપારી બેંકો તરીકે પણ કાર્ય કરે છે.

(૮) રાજ્યમાં સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ સર્જવું.

ટૂંકમાં, રાજ્ય સહકારી બેંકો ટોચની સંસ્થા હોઈ તેમનું કાર્ય સંકલન, સંતુલન અને નિયમનનું છે. તેઓ સહકારી પ્રવૃત્તિને ના બજાર સાથે સંકલિત કરે છે. એટલું જ નિહ, પરંતુ રિઝર્વ બેંક તરફથી સહકારી ધિરાણ પ્રવૃત્તિ માટે જે નાણાકીય સહાય આપવામાં આવે છે તે સહાય આ રાજ્ય સહકારી બેંકો દ્વારા જ આપવામાં આવે છે. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો પણ બહારના બધા જ નાણાકીય વ્યવહારો આ સંસ્થા મારફતે જ કરે છે. આમ, રાજ્યકક્ષાએ સહકારી ધિરાણના માળખાના દરેક તબક્કે રાજ્ય સહકારી બેંકે નિયમન, દેખરેખ અને માર્ગદર્શન આપવાની જવાબદારી અદા કરવાની હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, રાજ્ય સહકારી બેંક રાજ્યમાં સહકારી પ્રવૃત્તિ માટે મિત્ર, આલોચક અને માર્ગદર્શક (Friend, philosopher and guide) તરીકે કામગીરી બજાવે છે.

ભંડોળ:

રાજ્ય સહકારી બેંકોનું ભંડોળ નીચે પ્રમાણે હોય છે:

(૧) શેર મૂડી અને અનામત ભંડોળ ઃ શેર મૂડી અને અનામત ભંડોળ બેંકના પોતાના સાધનો (own funds) કહેવાય. શેરમૂડી મહદઅંશે જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો તથા રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી હોય છે. ૨૦૦૫-૦૬ના વર્ષનાં અંતે રાજ્ય સહકારી બેંકોની સંખ્યા ૩૧૨ અને શેર મૂડી અને અનામત ભંડોળ રૂ. ૧૦,૫૪૫ કરોડ જેટલા હતા.

(૨) થાપણો : વ્યાપારી બેંકોની જેમ રાજ્ય સહકારી બેંકો પણ પ્રજા અને અન્ય સંસ્થાઓ પાસેથી થાપણો સ્વીકારે છે અને વ્યાપારી બેંકો કરતાં એ થાપણો ઉપર વધુ આકર્ષક દરે વ્યાજ આપતી હોય છે. તાજેતરનાં વર્ષોમાં રાજ્ય સહકારી બેંકોની થાપણોમાં નોંધપાત્ર વધારો થયેલો જોવા મળે છે. માર્ચ ૨૦૦૬ના અંતે રાજ્ય સહકારી બેંકોની થાપણ રૂ. ૪૫,૪૦૫ કરોડ જેટલી હતી.

(૩) રિઝર્વ બેંક પાસેથી મેળવેલ ધિરાણ: રાજ્ય સહકારી બેંકો રિઝર્વ બેંક પાસેથી પણ ધિરાણ મેળવે છે. ૨૦૦૬ના વર્ષમાં આવું ધિરાણ રૂ. ૧૬,૯૨૯ કરોડ જેટલું હતું.

- ✓ **ભંડોળનું રોકાણ:**

રાજ્ય સહકારી બેંકો પોતાના ભંડોળનું રોકાણ નીચે પ્રમાણે કરે છે.

(૧) જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોને લોન આપીને

(૨) પ્રાથમિક સહકારી મંડળીઓને ધિરાણ આપીને

(૩) વ્યક્તિગત સભાસદોને ધિરાણ આપીને

(૪) બિન-સબાસદોને ધિરાણ આપીને

(૫) રિઝર્વ બેંક પાસે અનામત ભંડોળ રાખીને

(૬) સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરીને

૨૦૦૪-૦૫ના વર્ષમાં રાજ્ય સહકારી બેંકોએ કુલ રૂ. ૩૮,૩૧૯ કરોડનું ધિરાણ કર્યું હતું અને તે વર્ષ દરમિયાન લોનની બાકી વસૂલાતની રકમ રૂ. ૩૭,૩૪૭ કરોડ જેટલી હતી.

- ✓ **વહીવટી વ્યવસ્થા :**

રાજ્ય સહકારી બેંકોનો વહીવટ અને સંચાલન મધ્યસ્થ સહકારી બેંકના જેવું જ હોય છે. તમામ સભ્યોની બનેલી સામાન્ય સભાને સર્વોત્તમ સત્તા હોય છે. સામાન્ય સભા વર્ષમાં ઓછામાં ઓછી એક વાર મળે છે. અગત્યના તમામ નિર્ણયો તેમાં લેવામાં આવે છે. બોર્ડ ઓફ ડિરેક્ટરર્સની ચૂંટણી પણ આ સભામાં જ થાય છે. સામાન્ય સભામાં નક્કી થયેલી નીતિનો બોર્ડ ઓફ ડિરેક્ટર્સ એ અમલ કરવાનો હોય છે. બોર્ડમાં સભ્ય સંસ્થાઓ તથા વ્યક્તિ સભાસદોનું પ્રતિનિધિત્વ હોય છે. સરકારને પણ અમુક ડિરેક્ટરોની નિમણૂક કરવાનો અધિકાર છે. બેંકના રોજબરોજના વહીવટ માટે પૂરા સમયના સર્વતન ચેરમેન અથવા મેનેજિંગ ડિરેક્ટરની નિમણૂક કરવામાં આવે છે જે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સૂચના અને આદેશ પ્રમાણે કામ કરે છે.

- ✓ **રાજ્ય સહકારી બેંકની મર્યાદાઓ (ખામીઓ)**

(૧) ઘણી રાજ્ય સહકારી બેંકો પ્રજા પાસેથી મોટા પ્રમાણમાં થાપણ એકઠી કરવામાં નિષ્ફળ નિવડી છે. જેથી નાણાય સાધનો માટે તેમણે RBI પર આધાર રાખવો પડે છે.

(૨) ધિરાણ અંગેની નીતિમાં રાજકીય પક્ષોનો હસ્તક્ષેપ અને સ્થાપિત હિતોનું વર્ચસ્વ જોવા મળે છે.

(૩) મુદ્દતવીતી બાકીનો પ્રશ્ન ઘણો વિકટ છે. ધિરાણ આપતી વખતે યોગ્ય કાળજી રાખવામાં આવે તો આ પ્રશ્નનું નિરાકરણ થઇ શકે.

(૪) મધ્યસ્થ સહકારી બેંક અને પ્રાથમિક ધિરાણ મંડળીની કામગીરી પર અસરકારક દેખરેખ રાખવામાં રાજ્યસહકારી બેંકો ઉણી તરી છે.

(૫) રિઝર્વ બેંકે મધ્યમ મુદતના ધિરાણ માટે અલગ ભંડોળ રાખ્યું હોવા છતાં રાજ્ય સહકારી બેંકો મધ્યમ મુદતનું ધિરાણ યોગ્ય પ્રમાણમાં કરી શકી નથી. આથી રિઝર્વ બેંકના ભંડોળનો પૂરતો ઉપયોગ થતો નથી.

- ✓ **આ મર્યાદાઓ દુર કરવા માટે રાજ્ય સહકારી બેંકો નીચે મુજબ પગલાં લઇ શકે : (ખામી દૂર કરવા માટેના સૂચનો)**

(૧) વધુ પ્રમાણમાં થાપણો મળે તે માટે સઘન પ્રયત્ન કરવા જોઇએ. પોતાના નાણાકીય સાધનો વધારીને રિઝર્વ બેંક પરનું અવલંબન ઘટાડવું જોઇએ.

(૨)ધિરાણ નીતિ અંગેના સ્થાપિત સિદ્ધાંતોનું પાલન કરવું જોઇએ. રિઝર્વ બેંક ઓફ ઇડિયાએ આ બાબતમાં પડેલા નિયમોનું પાલન કરવું જોઇએ.

(૩) મુદત વીતી બાકીની વસૂલાતના પ્રશ્નને ગંભીર ગણવો જોઇએ. મુદત વીતી બાકી વાળા દેવાદારને બીજીવાર ધિરાણની સગવડનો લાભ આપવો જોઇએ નહિ. લોનના ઉપયોગ પર યોગ્ય તકેદારી રાખવામાં આવે તો મુદત વીતી બાકીનો પ્રશ્ન ઉકલી શકે.

(૪) રાજ્ય સહકારી બેંક એ રાજ્યની સર્વોચ્ચ સહકારી સંસ્થા છે અને તેણે પ્રાથમિક ધિરાણ મંડળીઓ તથા જીલ્લા સહકારી બેંકો પર દેખરેખ અને નિયમન રાખવાની કામગીરી અસરકારક રીતે બજાવવી જોઇએ. જરૂરી તાલિમી સ્ટાફની નિમણૂંક કરવી જોઇએ.

(૫) શ્રમ મુદતના પિરાણનું પ્રમાણ વધારવું જોઇએ. જેથી ધિરાણ મેળવનારને પણ ફાયદો થાય અને રિઝર્વ બેંકે અનામત રાખેલા ભંડોળનો પણ વ્યાજબી ઉપયોગ થાય.

ટૂંકમાં રાજ્ય સહકારી બેંકોનું મુખ્ય કાર્ય મધ્યસ્થ સહકારી બેંકો અને પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓ દ્વારા ખેતી માટે ટૂંકા અને મધ્યમ ગાળાનું પરાણ પૂરું પાડવાનું છે. આ કાર્યમાં આ બેંકોને રિઝર્વ બેંક તરફથી નાણાકીય સવલતો આપવામાં આવે છે. રિઝર્વ બૅંક રાજ્ય સહકારી બેંકો દ્વારા ખેતી માટે ટૂંકા અને મધ્યમ ગાળાનું ધિરાણ પૂરું પાડે છે. આ રીતે જોતાં રાજ્ય સહકારી બેંકો સહકારી ધિરાણ માળખામાં આગવું સ્થાન ધરાવે છે. સહકારી પ્રવૃત્તિ માટે રાજ્યના વિસ્તારમાં નાણાં પૂરા પાડનારી તે મુખ્ય સંસ્થા છે. એ જ રીતે સહકારી તંત્રને દેશનાં નાણાં બજાર સાથે જોડવા માટેના સાધન તરીકે પણ તે કાર્ય કરે છે. સહકારી નાણાંમંત્રનું સંકલન અને સંતુલન કરે છે. અને સાથોસાથ તેનું નિયમન પણ કરે છે અને સહકારી પ્રવૃત્તિના વિકાસને વેગ આપવાનું મહત્ત્વનું કાર્ય પણ તે કરે છે. ટૂંકમાં કહીએ તો રાજ્ય સહકારી બૅન્કોને એકંદરે સારી પ્રગતિ સાધી છે.

❖ નાગરિક સહકારી બેન્કો (Urban Co-Operative Banks) :

તાજેતરનાં વર્ષોમાં ભારતના બેંકિંગ માળખામાં નાગરિક સહકારી બેંકોનું મહત્ત્વ પણ વધતું જાય છે. નાગરિક સહકારી બેંકો એમના કાર્યમાં વ્યાપારી બેંકો જેવીજ છે. છેલ્લા દોઢ દાયકામાં આ પ્રકારની બેંકોએ દેશમાં ઝડપી વિકાસ સાધ્યો છે. ૧૯૧૪માં મેકલેગન સમિતિ તથા ૧૯૩૧માં મધ્યસ્થ બૅન્કિંગ તપાસ સમિતિએ પણ આવી બેંકોનું મહત્ત્વ સ્વીકારી જણાવ્યું હતું કે જો મોટી સંખ્યામાં નાગરિક સહકારી બેંકોની સ્થાપના કરવામાં આવે તો નાના વેપારીઓ, નાના કારીગરો તથા મધ્યમ વર્ગના અન્ય લોકોને તેમના વ્યવસાય માટે તે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ પડશે, ઇ.સ.૧૮૯૯માં વડોદરા શહેરમાં આગેવાન નાગરિકો દ્વારા સૌ પ્રથમ નાગરિક સહકારી બેંક શરૂ કરવામાં આવી હતી. ભારતમાં નાગરિક સહકારી બેંકો પરનું નિયમન અને દેખરેખ રિઝર્વ બેંકના નાગરિક બેંકોના વિભાગ (Urban banks department of the Reserve Bank of India) દ્વારા થાય છે. નાગરિક સહકારી બેંકો પર બેવડો અંકુશ છે. રાજ્યના સહકારી કાયદાની જોગવાઈ અનુસાર રાજય સરકારનો અને ૧૯૪૯ની બૈંકિંગ નિયમન ધારાની જોગવાઈ અનુસાર રિઝર્વ બેંકનો.

❖ **નાગરિક સહકારી બેંકની વ્યાખ્યા** :

મે ૧૯૬૩માં કેન્દ્ર સરકારના સામૂહિક વિકાસ અને સહકારી ખાતાએ એક કાર્ય સમિતિ (working committee)ની નિમણૂક કરી હતી. આ સમિતિએ નાગરિક સહકારી બેંક અંગેના પોતાના રિપોર્ટમાં નાગરિક સહકારી બેંકની વ્યાખ્યા આપતા જણાવ્યું હતું કે, “નાગરિક સાકારી બેંક એ એક એવી સહકારી ધિરાણ મંડળી છે કે જેની નોંધણી કહે કે અર્ધ-શહેરી વિસ્તારમાં થયેલી હોય અને તેની ભરાયેલી શેરડી ઓછામાં ઓછી રૂ. ૫૦,૦૦૦ની હોય તથા તે સામાન્ય બૈંકિંગનું કામકાજ કરતી હોય અને જેમાં સભ્યો તથા બિન-સભ્યો પાસેથી થાપણો સ્વીકારી તેનું ધિરાણ કે રોકાણ કરવાના કાર્યનો સમાવેશ થતો હોય; આ બાપોની જ્યારે માંગણી કરવામાં આવે ત્યારે અથવા તો પાકે ત્યારે ચૂકવવી પડે તેવી અથવા તો, ચેક, ડ્રાફ્ટ કે પે- ઓર્ડર દ્વારા તે ઉપાડી શકાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ. ૧૯૪૯ના બૈંકિંગ નિયમન ધારામાં નાગરિક સહકારી બેંકની વ્યાખ્યા આપતા જણાવવામાં આવ્યું છે કે“ નાગરિક સહકારી બેંક એક એવી બેંક છે કે જે લોકો પાસેથી થાપણો મેળવવા માટે સ્થાપવામાં આવી હોય; આ થાપણોની રકમનું ધિરાણ કે રોકાણ કરવામાં આવે અને તેની માંગણી થતા કે ચેક, ડ્રાફ્ટ કે અન્ય કોઈ રીતે ઉપાડી શકાય...

૧૯૭૨ ના બેંકિંગ કમિશને નાગરિક સહકારી બેંક અંગે જણાવ્યું હતું કે નાગરિક સહકારી બેંકની કોઈ ચોક્કસ વ્યાખ્યા આપવામાં આવી નથી.

ભારતીય કંપની ધારાની કલમ ૨૭૭(એફ) મુજબ અથવા બૈંકિંગ નિયમન ધારાની કલમ પી અનુસાર બેંકિંગનો ધંધો કરતી સરકારી બેંક જેની વસૂલ આવેલી શેર મૂડી રૂ. ૨૦,૦૦૦ કરતાં ઘરથી નહીં હોય તેવી સારી બેંકનો નાગરિક સહકારી બેંકમાં સમાવેશ થઈ શકે.

નાગરિક સહકારી બેંકો રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી લાયસન્સ મેળવ્યા બાદ જ બેન્કિંગ નો ધંધો કરી શકે છે. વેપારી બેંકોની માફક નાગરિક સહકારી બેંકોએ પણ રોકડ અનામત રાખવાનું હોય છે તેમજ રિઝર્વ બેંકે નિયત કરેલા પત્રોમાં તેમની કામગીરીનો અહેવાલ રિઝર્વ બેંકને મોકલવાનો હોય છે.

તેમનું મુખ્ય કાર્ય નાણાની લેવડ-દેવડ કરવાનું જ હોવું જોઈએ. આવી બેંકો બીજી કોઈ ચીજ વસ્તુનો વેપાર કરતી હોવી જોઈએ નહીં.

❖ **નાગરિક સહકારી બેંકનાં કાર્યો:**

નાગરિક સહકારી બેંકનાં મુખ્ય કાર્યો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે :

(૧) આ બેંકો સામાન્ય રીતે શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં આવેલી હોય છે. તેમનો મુખ્ય હેતુ સમાજના મધ્યમ અને નીચલા વર્ગના લોકોને તેમના આર્થિક અને સામાજિક ઉત્કર્ષ માટે સહાયભૂત થવાનો છે. તેઓ આ વર્ગના લોકોને કરકસરની ટેવ પાડી બચત કરવા માટે પપ્રોત્સાહિ કરે છછે

(૨) નાના ઉદ્યોગપતિઓ, વેપારીઓ, કારીગરો, કામદારો અને પગારદાર જેવા સમાજના મધ્યમ વર્ગના લોકોને આ બેંકો રાહત દરે લોન તથા ધિરાણ આપે છે.

(૩) આ બેંકો અન્ય બધા જ પ્રકારનાં બેંકિંગ કામકાજ કરે છે, જેમ કે જુદાં જુદાં ખાતાં હેઠળ થાપણો સ્વીકારવી, વેપારી ખીલો વટાવવાનું કાર્ય, એક સ્થળેથી બીજે સ્થળે નાણાંની હેરફેરનું કાર્ય વગેરે.

(૪) સ્થાવર મિલકત, સોના-ચાંદીના દાગીના અને અન્ય અસ્કયામતોની સામે આ બેંકો પાસેથી વેપારી બેંકો કરતાં વધુ સરળતાથી અને ઝડપથી ધિરાણ મેળવી શકાય છે.

(૫) આ બેંકો તેમના ગ્રાહકો સાથે વધુ નજીકનો સંબંધ ધરાવે છે. વળી તેના સંચાલકો સ્થાનિક,વગદાર તેમજ લોકચાહના ધરાવતા અગ્રગણ્ય નેતાઓ હોય છે. તેઓ સારા ભંડોળ ભેગાં કરી શકે છે. આ બેંકોનો કાર્યવિસ્તાર પણ પ્રમાણમાં મર્યાદિત હોવાથી તેઓ વધુ કાર્યક્ષમ રીતે કામ કરી શકે છે.

(૬) શિક્ષણ તથા સમાજઉપયોગી કાર્યો માટે પણ આ બેંકો પોતાના વિસ્તારમાં દાન આપે છે અને એ રીતે તેમની સામાજિક જવાબદારી પણ અદા કરવાનો પ્રયાસ કરે છે.

❖ **નાગરિક સહકારી બેંકોની પ્રગતિ** :

તર્જતરનાં વર્ષોમાં નાગરિક સહકારી બેંકોની સંખ્યા તેમજ તેમની કામગીરીનું ક્ષેત્ર નોંધપાત્ર રીતે વિસ્તરતું જાય છે. આ બેંકની થાપણો, ધિરાણો અને અન્ય બેંકિંગ કામકાજના પ્રમાણમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. શહેરી તથા અર્ધ-શહેરી વિસ્તારોમાં નાના કારખાનેદારો, નાના વેપારીઓ, કારીગરો અને સ્વવ્યવસાયમાં રોકાયેલ વ્યક્તિઓ માટે આ બેંકો ખૂબ જ સહાયભૂત પુરવાર થઈ છે. આમ નાગરિક સહકારી બેંકોએ આપણા અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે.

તાજેતરના વર્ષોમાં આ બેંકોએ સલામતીલક્ષી ધિરાણ નીતિને બદલે ઉત્પાદન લક્ષી ધિરાણ નીતિ અપનાવી છે. માર્ચ ૨૦૦૭ના અંતે ૧૮૧૩ જેટલી નાગરિક સહકારી બેંકો હતી જેની ૧૯૯૦ જેટલી શાખાઓ હતી. જે પૈકીની ૭૯ બેંક સેલેરી અર્નર્સ બેંક હતી. ૧૧૯ મહિલા બેંક હતી અને ૫ શીડ્યુલ્ડ બેંક હતી. માર્ચ ૨૦૦૭ના

અંતે કુલ ડિપોઝિટ રૂ. ૧,૨૦,૯૮૩ કરોડ હતી અને બાકી ધિરાણની રકમ રૂ. ૬૬,૯૦૫ કરોડ હતી. આમાંથી ૨૨૦ જેટલી બેંકો નબળી અને બિન અર્થક્ષમ હતી. આ પૈકી ૫૩ બેન્કોને શિડયુલ બેન્ક તરીકે માન્યતા મળી છે.

નવી સ્થપાનારી નાગરિક સહકારી બેંકોને લગતી વિવિધ બાબતોની સમીક્ષા કરવા માટે રિઝર્વ બેંકે શ્રી એસ.એસ. મરાઠેના અધ્યક્ષ પદે એક સમિતિ નીમી હતી જેણે મે ૧૯૯૨માં તેનો રિપોર્ટ સુપ્રત કર્યો હતો.

આ સમિતિએ નવી બેંકોની સ્થાપના અંગે ઉદાર નીતિ અપનાવી વિસ્તારની જરૂરિયાત અને ભાવિ વિકાસની શક્યતાના આધારે મંજૂરી આપવા ભલામણ કરી હતી. આવી બેંકોને એ.બી.સી.ડી. એમ ચાર શ્રેણીમાં વર્ગીકૃત કરી દરેક શ્રેણીની બેંક માટે સભ્ય સંખ્યા, લઘુત્તમ શેર મૂડીની જરૂરિયાત તેમજ ૩ થીપ વર્ષમાં સુધારેલા ધોરણે સક્ષમતાની પ્રાપ્તિ અંગે ચોક્કસ માપદંડ સૂચવ્યા હતા. જે વિસ્તારમાં નાગરિક સહકારી બેંકિંગ પ્રવૃત્તિનો વિકાસ થયો નથી ત્યાં વિધેયાત્મક અભિગમ અપનાવવાની ભલામણ કરી છે. તેમજ નાગરિક સહકારી બેંકિંગના માળખાને સુનિશ્ચિત કરવાના ઉદેશથી અસરકારક વ્યવસ્થા તંત્ર શરૂ કરવાનું સૂચન કર્યું છે.

રિઝર્વ બેંકે મરાઠે સમિતિની મોટા ભાગની ભલામણોનો સ્વીકાર કર્યો છે. આથી નાગરિક બેંકો નો વિકાસ ઝડપી બનશે એવી આશા છે. રિઝર્વ બેંકે મરાઠે સમિતિએ સૂચવેલા ધોરણ કરતાં ઉંચા ધોરણો નક્કી કર્યા છે. જેથી નાની બેંકોને કદાચ મુશ્કેલી પડશે. પણ ૧૮૭૨માંથી ૨૨૦ જેટલી નબળી બેંકોના સંદર્ભમાં રિઝર્વ બેંક ખૂબ સાવચેતીપૂર્વક આગળ વધવા માંગે છે. ઉદારતા ભરી નીતિને કારણે નબળી બેંકોનો રાફડો ફાટી નહીં નીકળે તે માટે સંગીન અને વધુ સક્ષમ ધોરણ નક્કી કરવામાં આવ્યા છે.

❖ નાગરિક સહકારી બેંકોની મર્યાદાઓ

નાગરિક સહકારી બેંકોએ તાજેતરના સમયમાં સારી એવી પ્રગતિ સાધી હોવા છતાં તેમની કામગીરીને અવરોધતાં કેટલાંક પરિબળો અને મર્યાદાઓ છે ઃ

૧. આ બેંકોનું કાર્યક્ષેત્ર નાના કસબા તથા શહેરી વિસ્તાર કે જ્યાં વેપાર-ધંધાનો વિકાસ થયેલો છે તે પૂરતું મર્યાદિત રહ્યું છે. આમ એમનો કાર્ય વિસ્તાર મર્યાદિત છે.

૨. આ બેંકોનો વિકાસ જુદાં જુદાં રાજ્યોમાં ખૂબ જ અસમાન રીતે થયેલો છે. એક અંદાજ મુજબ લગભગ ૭૦ થી ૭૫ ટકા જેટલી નાગરિક સહકારી બેંકો ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તામિલનાડુ અને પશ્ચિમ બંગાળ એમ છ રાજ્યોમાં આવેલી છે. દેશનાં અન્ય રાજ્યોમાં આ બેંકોનો વિકાસ હજુ ઘણો ધીમો રહેવા પામ્યો છે. આમ સમગ્ર દેશની બેંકોની દૃષ્ટિએ નાગિરક કારી બેંકનો વિકાસ અસંતુલિત છે.

૩. કેળવાયેલા તેમજ તાલીમ પામેલા અધિકારીઓ અને કાર્યક્ષમ કર્મચારી મેળવવાની મુશ્કેલી પડે છે.

૪, ૧૭૦૦ જેટલી નાગરિક સહકારી બેંકોની ૭૦૦ જેટલી શાખાઓ હોવા છતાં આ બેંકોની થાપણ શીડયુલ્ડ બેંકોની કુલ પાપણના પ્રમાણમાં ઘણી ઓછી છે. આમ નાગરિક સહકારી બેંકોનો વિકાસ શીડયુલ્ડ બેંકોના વિકાસ સાથે કદમ મિલાવી શક્યો નથી.

૫. વેપારી બેંકોનું નિયમન ફક્ત રિઝર્વ બેંક દ્વારા જ થાય છે જ્યારે નાગરિક સહકારી બેંકોના બેંકિંગ કાર્યોનું નિયમન રિઝર્વ બેંક દ્વારા અને વહીવટી કાર્યોનું નિયમન સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર દ્વારા થાય છે. વેપારી બેંકોએ કુલ ધિરાણના ૪૦ ટકા જેટલું ધિરાણ અગ્રિમ ક્ષેત્રે કરવાનું હોય છે જ્યારે નાગરિક સહકારી બેંકો માટે આ ટકાવારી ૬૦ ટકા જેટલી છે.

૬. કેટલીક નાગરિક સહકારી બેંકોના સંચાલક મંડળોમાં અમુક જ જૂથ કે અમુક જ પ્રકારના વેપાર- ધંધા સાથે સંકળાયેલી વ્યક્તિઓનો સમાવેશ થતો હોવાથી જૂથવાદને કારણે આ બેંકોની પ્રગતિ અવરોધાય છે.

૭. જૂથવાદને કારણે ઓછી લાયકાતવાળી વ્યક્તિઓની સંચાલક તરીકે નિમણૂક થાય છે. જેમનામાં દીર્ધદષ્ટિનો અભાવ હોય છે. આથી સંચાલન બિનકાર્યક્ષમ રહે છે.

૮. સ્થાનિક રાજકારણીઓના વર્ચસ્વને કારણે પૂરતા તારણ વગર અયોગ્ય ધિરાણ થાય છે. આને લીધે ધિરાણની વસૂલાત મુશ્કેલ બને છે. બેંકના અધિકારી અને નિષ્ણાતોના અભિપ્રાયને બાજુએ રાખી સંચાલકો ધિરાણ અંગેના નિર્ણયો લે છે. આને કારણે તાજેતરમાં ઘણી નાગરિક સહકારી બેંકો નિષ્ફળ ગઈ છે અથવા નબળી પડી ગઈ છે. સંચાલકો દ્વારા બેંકના ભંડોળમાં ગેરરીતિ નિયમોની જોગવાઈ પ્રત્યે દુર્લક્ષ્ય સેવી રાજકીય દબાણ હેઠળ તેમજ લાગતા વળગતાને ધિરાણ. મોટા રોકાણ માટેના નિયમો પ્રત્યે દુર્લક્ષ. આ બધા દુષણો નાગરિક સહકારી બેંકોમાં જોવા મળે છે.

હાલના સમયમાં માધવપુરા મર્કન્ટાઈલ બેંક, ડાયમન્ડ જ્યુબિલી બેંક, સૂર્યપુર સહકારી બેંક, વિતરાગ કૉ. ઓપ. બેંક જેવી બેંકો આ બધા દુષાનો જ ભોગ બની છે.

૯. મુદત વીતી ધિરાણ પરત મેળવવામાં ખાસ પ્રગતિ સાધી શકાઇ નથી. મુદત વીતી ધિરાણવાળાઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં ઘણા અવરોધો ઊભા થાય છે. ઓળખીતા સંબંધીઓને ધિરાણ આપવામાં આવ્યું હોવાથી વસૂલાત માટે કડક પગલા લેવાતા નથી.

૧૦. બેંકિંગ નિયમન ધારાની કડક જોગવાઇઓને કારણે આ બેંકોનો ઝડપી વિકાસ થઇ શક્યો નથી. ભરપાઇ થયેલી મૂડીનું પ્રમાણ, ન્યૂનતમ સભાસદ સંખ્યા, પ્રવેશ, પરવાના અને કાર્ય વિસ્તાર પરના નિયંત્રણો જેવી જોગવાઇઓ આ બેંકના વિકાસને અવરોધતા પરિબળો છે.

૧૧. બેંકિંગ નિયમન ધારાની જોગવાઇને કારણે ભંડોળોનો પૂરતો ઉપયોગ કરી શકતો નથી અને એટલા પ્રમાણમાં વ્યાજની આવક ગુમાવવી પડે છે.

❖ **નાગરિક સહકારી બેંકની કામગીરી અસરકારક બનાવી ઝડપી વિકાસ સાધી શકાય તે માટેના સૂચનો:**

૧. નવી શાખાઓ ખોલવા દેવાની બાબતમાં રિઝર્વ બેંકે ઉદાર નીતિ અપનાવવી જોઈએ.

૨. બેંકના સંચાલક મંડળમાં યોગ્ય લાયકાત ધરાવતા તજજ્ઞો અને અનુભવી વ્યક્તિઓનો જ સમાવેશ કરવો જોઇને

૩. અગ્રિમ ક્ષેત્રને કરવાના ધિરાણની ટકાવારીની પુનઃ વિચારણા કરવી જોઈએ.

૪. કામગીરીની દૃષ્ટિએ નબળી સાબિત થયેલી નાગરિક સહકારી બેંકની કાર્યક્ષમતા સુપારવા માટે જરૂરી કાર્યવાહી કરવી જોઇએ અથવા કોઇ સભર નાગરિક સહકારી બેંક સાથે તેનું સંયોજન કરવું જોઇએ.

૫. કર્મચારીઓ માટે સઘન તાલિમની વ્યવસ્થા કરવી જોઈએ. ૬. એની વિશિષ્ટ લાક્ષણિકતાઓના સંદર્ભમાં નાગિરક સમકારી બેંક માટે જુદી જ ધારાકીય વ્યવસ્થા હોવી જોઇએ.

૭. ધારાકીય નિયમનો વિકાસને અવરોધક બને તેવા હોવા જોઇએ નહિ.

૮. નાગરિક સહકારી બેંકોએ ધિરાણ આપવામાં તેમજ મુક્ત વીતી ધિરાણની વસૂલાત અંગે દાબદબાણને વશ થયા વગર જરૂરી કાર્યવાહી કરવી જોઇએ.

૯. નાગરિક સહકારી બેંકોને નાણાકીય સગવડની જરૂર પડે તો નાણાકીય સંસ્થાઓ અથવા રિઝવ બેંક તરફથી ઉદાર શરતોએ એવી સગવડ મળે એવી વ્યવસ્થા હોવી જોઇએ,

૧૦. શહેરી વિસ્તારમાં બેરોજગાર લોકોને રોજગારી પૂરી પાડવા માટેની કેન્દ્રીય યોજનાના અમલમાં નાગરિક સહકારી બેંકની સેવાનો ઉપયોગ કરવો જોઈએ.

૧૧. ભંડોળના રોકાણ અંગેના નિયમોનું યથાર્થ પાલન થાય અને સંચાલકો પોતાની મરજી મુજબ ભંડોળનું રોકાણ કરી શકે નહીં તેની પર જરૂરી દેખરેખ રાખવી જોઈએ.

નાગરિક સહકારી બેંકોની ઉપરોક્ત મર્યાદાઓને જો દુર કરવામાં આવે તો તેઓ આપણા અર્થતંત્રમાં મહત્ત્વનું પ્રદાન આપી શકે એમ છે અને જનતાનો વિશ્વાસ સંપાદન કરી આપણા સહુની બેંક તરીકેનું ગૌરવ ભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકશે.

- ✓ **<u>સહકારી બેંકોની કામીનું મૂલ્યાંકન</u>**

ભારતમાં સહકારી પ્રવૃત્તિ ના વિકાસ માટે મધ્યમ સરકાર પણા પ્રયત્નો કરી રહી છે. દરેક રાજ્યમાં અલગ સહકાર ખાતું હોય છે જે સહકારી મંડળીઓના રજિસ્ટ્રારના અંકુશ હેઠળ હોય છે. સહકારી મંડળીઓને નોંધણી ફી (Registration fee), સ્ટેમ્પ ડ્યુટી અને ઈન્કમટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવે છે. પરંતુ ૨૦૦૬-૦૭ના બજેટમાં નાણાપ્રધાને સહકારી બેંકોને ઇન્કમટેક્ષ માંથી આપવામાં આવતી મુક્તિ પાછી ખેંચી લીધી છે. સહકારી મંડળીઓને તેમની લેણી રકમની વસૂલાત માટે સરકાર સિવાય અન્ય પર પ્રાથમિકતા (Priority) આપવામાં આવી છે.

સહકારી બેંકોએ ઘણી સારી પ્રગતિ કરી છે અને વિકાસ પણ સાધ્યો છે આમ છતાં પણ તેની કેટલીક ખામી **મર્યાદાઓ** પણ છે જે નીચે મુજબ ગણાવી શકાય:

૧. સહકારી સંસ્થાઓને કરવામાં આવતા સરકારી ધિરાણમાં નાણાંકીય મદદ ઓછી અને વહીવટી કાર્યવાહી વધારે એવી પરિસ્થિતિ રહી છે. ઘણી સહકારી બેંકો સ્વૈચ્છિક રીતે નહિ પણ સરકારી અમલદારોના દાબદબાણ હેઠળ સ્થાપવામાં આવી છે.

૨. ઘણીવાર સભ્યોને સહકાર અને તેના સિદ્ધાંત વિષે કોઈ માહિતીજ હોતી નથી અને તેઓ મંડળીના કામકાજમાં સક્રિય ભાગ પણ લેતા નથી.

૩. સહકારી મંડળીના હોદેદારો અને બીજા અધિકારીઓને કોઈ ખાસ તાલીમ કે અનુભવ હોતાં નથી. સહકારની મૂળ ભાવના મૃતઃપ્રાય બની ગઈ છે અને સહકારી મંડળીઓમાં પણ રાજકારણ દાખલ થઈ ગયું છે.

૪. ઘણી પ્રાથમિક ખેતીવિષયક સહકારી મંડળીઓ બહુ નાના કદની હોય છે. તેમની પાસે પૂરતા નાણાં ન હોવાથી પોતાની પ્રવૃત્તિઓ માટે ભંડોળ મેળવવા માટે તેમણે વિરાણ પર જ આધાર રાખવો પડે છે.

૫. સહકારી મંડળીના સભ્યો ઘણીવાર બચત કરવા માટે નહિ પણ ધિરાણ મેળવવા માટે જ મંડળીમાં સભ્ય તરીકે જોડાય છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી થાપણ એકત્રિત કરવાની બાબતમાં તેમ જ ગ્રામ્ય પ્રજાને બેંકિંગની ટેવ પાડવાની બાબતમાં સહકારી સંસ્થાઓની કામગીરી બહુ ઉત્સાહપ્રેરક રહી નથી.

૬. સહકારી સંસ્થાઓ દ્વારા ધિરાણનું પારિમાણિક વિસ્તરણ થયું હોવા છતાં તેનો મોટો હિસ્સો તો શ્રીમંત ખેડૂતોને જ મળ્યો હોય એમ જણાય છે. નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો અને ગરીબ ખેડૂતોને સહકારી ધિરાણનો લાભ પ્રમાણમાં ઓછો મળ્યો છે.

૭.સહકારી સંસ્થાઓ તરફથી અપાતા ધિરાણનો યોગ્ય રીતે ઉપયોગ થાય એ પણ ખૂબ જ જરૂરનું છે. ઘણી વખત એવું બને છે કે ઉત્પાદક હેતુઓ માટે આપવામાં આવતા ધિરાણનો બિનઉત્પાદક હેતુઓ તથા અન્ય હેતુઓ માટે ઉપયોગ થાય છે, વળી, કેટલીક વખત તો સહકારી સંસ્થાઓ પાસેથી વ્યાજના ઓછા દરે લેવામાં આવેલા ધિરાણનું શહેરી વિસ્તારોમાં વ્યાજના ઊંચા દરે પુનઃધિરાણ થયાના કિસ્સાઓ પણ બન્યા છે. આથી ધિરાણના ઉપયોગ અંગે દેખરેખની યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ.

૮. સહકારી સંસ્થાઓ તરફથી સભ્યોને આપવામાં આવતી લોન સમયસર પરત થતી નથી, આથી આ સંસ્થાઓની વસૂલાત બાકીની રકમ અથવા લેણી નીકળતી રકમનું પ્રમાણ ઘણું ઊંચુ રહેવા પામે છે.

૯. ભારતમાં સહકારી ધિરાણ પ્રવૃત્તિના વિકાસમાં ઘણી મોટી પ્રાદેશિક અસમતુલા જણાય છે. સહકારી ધિરાણ સંસ્થાઓની પ્રગતિ જુદાં જુદાં રાજ્યોમાં ઘણી જ અસમાન રહેવા પામી છે. તાજેતરના એક અભ્યાસ મુજબ ટૂંકા અને મધ્યમ ગાળાના ધિરાણમાં ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ અને પંજાબ જેવા ચાર રાજ્યોનો હિસ્સો લગભગ ૬૦ ટકા જેટલો રહ્યો હતો. સમગ્ર હારી પ્રવૃત્તિનો વિકાસ દેશના અમુક રાજ્યો પૂરતો જ મર્યાદિત રહ્યો છે.